**<u>આંક–૧ લગત હુકમ :–</u>**

વારંવાર પોકાર કરતાં પક્ષકારો હાજર નથી. ફરીયાદીના વિ.વ.શ્રી હાજર નથી. તેમના તરફથી આરોપીનું નવું સરનામું કે મુદત અરજ રજુ નથી. સદરહુ ફરીયાદ ફરીયાદી એ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮/ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ ૨૫ હેઠળ દાખલ કરેલ છે અને ઘણા લાબાં સમયથી ફરીયાદી કોર્ટ માં હાજર રહેતા નથી કે આરોપી ને હાજર રખાવવા કે કેસ કાર્યવાહી આગળ ચલાવવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલા નથી. વળી રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે **આઠ** વર્ષ જેટલો જુનો છે અને હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કે આરોપીનું નવું સરનામું રજુ કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં હાજર રહીને મુદત અરજી રજુ કરવાની પણ દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. –

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરીયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપી વિરુધ્ધ કેસ કાર્યવાહી આગળ ચલાવવા કે આરોપીનું નવું સરનામું રજુ કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // <u>હુકમ</u> //–**

હાલનાં કામે ફરીયાદી ગેરહાજર રહેતાં હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરીયાદીની ગેરહાજરી સબબ તથા આરોપી વિરુધ્ધ કેસ કાર્યવાહી આગળ નહી ચલાવવા સબબ, આરોપીનું નવું સરનામું રજુ નહી કરવા સબબ આજરોજ આરોપીને નિર્દોષ ઠરાવી ફરીયાદીનો કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખ :૧૦/૦૪/૨૦૨૬

( **અશ્વિનકુમાર પરબતભાઈ ડેર** )
**૨૩**માં એડી. ચીફ જ્યુડિ. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. **<u>૨૭</u>**, અમદાવાદ.
**(UIC No.GJ00999)**